


હોલીકા દહન - પાટનગરના પાદરે પાલજમાં પરંપરાગત હોલીકા દહનના દર્શને માનવ મહેરામણ ઉમટ્યો હતો... પાલજની આસપાસના ગ્રામીણ અને પાટનગરના નગરજનો શ્રદ્ધાપૂર્વક પાલજની હોળીના દર્શને ઉમટે છે... મોડીરાત્રે અંગારા પર ચાલવાની પરંપરા પણ હજુ જળવાઈ છે... શ્રદ્ધાની પરાકાષ્ટા નિહાળવા મળે છે... વિજ્ઞાન, અધ્યાત્મ, પર્યાવરણ, સામાજીક સમરસતા જેવા વિવિધ ક્ષેત્રોના સંગમ સમુ હોળી પર્વ આપણી સામાજીક પરંપરામાં ઉત્સાહપૂર્વક ઉજવાય છે... પાલજ ઉપરાંત પાટનગરના પ્રત્યેક સેક્ટરમાં ત્રણ થી ચાર સ્થાનો પર હોલીકા દહનનો ઉત્સવ ઉજવાય છે... ઉંચ-નીચ, જ્ઞાતિના ભેદભાવ વગર સમગ્ર શહેરમાં સામુહિક રીતે હોળી પર્વની ઉજવણી થાય છે...

# ઉમેદવાર કે તેના સંબંધીઓના ખાતાઓમાંથી થતા મોટા વ્યવહાર પર નજર રખાશે

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણીને ધ્યાને રાખી ઉમેદવારે રાષ્ટ્રીયકૃત બેંકમાં તેનુ ખાતુ ઉમેદવારીપત્ર ભરવાના એક દિવસ પહેલાં ખોલાવવુ પડશે આ પ્રક્રિયામાં બેંકો સહકાર આપે તેમ ખર્ચ માટેના નોડલ ઓફિસર વ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે બેંકર્સ સાથે યોજાયેલ બેઠકમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ કે ૧ લાખથી વધુની મત્તાનો ઉપાડ થતો હોય તો તે માટે પણ તંત્રને જાણ કરવામાં આવે. તેમણે કહ્યુ કે સ્વસહાય જૂથોના ખાતાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના ખાતાઓમાં પણ કોઈ મોટી રકમ ઉપડતી હોય તો તેની જાણ કરવી તેમ પણ તેમણે કહ્યુ હતુ.

આ બેઠકમાં તેમણે જણાવ્યુ હતુ કે ઉમેદવારના ખાતામાં પણ થતી લેવડ-દેવડ પર પણ ખાસ નજર રાખવાની રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૫૦૦ વી.વી.પેટ બિહાર મોકલવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાંથી ૫૦૦ જેટલા વી.વી.પેટ બિહાર મોકલવામાં આવશે.

લોકસભાની ચૂંટણીઓ અંગે તૈયારીઓ તડામાર ચાલી રહી છે. આ વખતની ચૂંટણીમાં વી.વી. પેટ દરેક બુથ પર લગાવવાના હોવાથી બિહારની માંગ મુજબ ગુજરાતભરમાંથી વી.વી.પેટ જે એમ-૨ પ્રકારના છે તે મોકલવામાં આવશે. આ માટે બિહારથી ચૂંટણી પંચની ટીમ આવશે અને તે પછી રવાના કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીવેળાએ એમ-૨ પ્રકારના વી.વી.પેટ ઉપયોગમાં લેવાયા હતા. ગુજરાતમાં હવે એમ-૩ પ્રકારનું કોમ્પેક્ટ વી.વી.પેટ આવી ગયુ છે એટલે નવા વી.વી.પેટનો ઉપયોગ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં વી.વી.પેટ પુરતી સંખ્યામાં છે. જિલ્લામાં કોઈજ ખેંચ ઉભી થશે નહિ. જોકે આખા રાજ્યમાંથી વી.વી.પેટ મોકલવામાં આવનાર છે તેમ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બિહારથી ટીમ એકાદ બે દિવસમાં જ ગાંધીનગર આવી પહોંચશે.

# જિલ્લામાં ૧૦ હજાર મતદારોના નામ યાદીમાંથી કમી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણીઓની થયેલી જાહેરાત સમયે જિલ્લાના નોંધાયેલા મતદારોમાંથી ૧૦,૨૩૦ મતદારોના નામ કમી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧-૧-૧૯ની સ્થિતિએ મતદારયાદી તૈયાર કરાઈ હતી અને તેનો ડ્રાફ્ટરોલ પણ પ્રસિદ્ધ કરાયો હતો. આ પછી ચાલતી સતત સુધારણા ઝુંબેશ અંતર્ગત મળેલ અરજીઓના અનુસંધાને તંત્ર દ્વારા આજે ૧૦,૨૩૦ મતદારોના નામ કમી કરવાનો આખરી નિર્ણય લેવાયો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ફોર્મ નં. ૭ ભરીને નામ કમી કરવા માટેની અરજીઓ જે મળી હતી એના આધારે નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મતદારનું મૃત્યુ થયુ હોય તેવા કિસ્સા ઉપરાંત મતદારે અન્ય વિસ્તારમાં પોતાનુ નામ દાખલ કરવા માટે કરેલી અરજીને પગલે નામ કમી કરવા માટે અરજી આપી હોય, ક્યાંક ડુપ્લીટેક નામ હોય જે બી.એલ.ઓ.ની ચકાસણી દરમ્યાન ધ્યાને આવ્યા હોય તેવા નામો છે. સૌથી વધુ નામ જિલ્લાની ગાંધીનગર(દ) બેઠક પરથી કમી થશે જેની સંખ્યા ૩૮૫૧ છે. આ પછી દહેગામ જેની સંખ્યા ૨૯૯૫ છે. ત્રીજા ક્રમે કલોલ આવે છે જેની સંખ્યા ૧૯૪૩ છે. આ પછી ગાંધીનગર (ઉ) બેઠક આવે છે જ્યાં ૬૭૯ની સંખ્યા છે જ્યારે સૌથી ઓછા માણસા વિધાનસભા મતવિસ્તારમાં આવી સંખ્યા છે જે માત્ર ૫૬૨ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી છેલ્લા બે વર્ષથી અધ્ધરતાલ

## તંત્રએ સર્વેના અંતે કરેલી દરખાસ્ત પણ વિભાગ કક્ષાએ પેન્ડીંગ

ગાંધીનગર તા ૨૦

શહેરના જુના સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ છેલ્લા બે વર્ષથી અટવાયુ છે. શહેરના નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાયા બાદ હજુ સે- ૬ થી ૮ માં રીંગ રોડનુ કામ હાથ ધરાયા બાદ નવા સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરાશે. જો કે આ વિસ્તારમાં સી સી રસ્તા બનાવવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. બીજીતરફ શહેરના જુના સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી છેલ્લા ઘણા સમયથી અધ્ધરતાલ છે. આ મામલે તંત્ર દ્વારા વિભાગને મોકલવામાં આવેલી દરખાસ્ત પણ પેન્ડીંગ છે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ માર્ગ સુધારણાની કામગીરી પુરજોશમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં મુખ્યમાર્ગોના રસ્તાઓ તેમજ માર્ગોના બ્યુટીફિકેશનનુ કામ પણ હાથ ધરાયુ હતુ. મુખ્યમાર્ગો ઉપરાંત નગરના ઉભા માર્ગોને પણ ચકાચક કરવામાં આવ્યા હતા. પરંતુ શહેરમાં વાઈબ્રન્ટની અસર માત્ર ઘ-૫ વિસ્તાર સુધી જ સિમિત રહેતા આગળના સેકટરોમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનની કામગીરી થઈ ન હતી. શહેરના જુના સેકટરોમાં આમ પણ રસ્તાઓની સુધારણા માટેનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા અગાઉ સર્વેના અંતે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ છેલ્લા બે વર્ષથી જુના સેકટરોમાં માર્ગોની સુધારણા માટે કોઈ આયોજન થયુ નથી. જેના લીધે આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ત્વરિત હાથ ધરાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના સે-૬ થી ૮ માં અગાઉ રીંગ રોડની સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણા માટે મંજુરીના અંતે પણ હજુ સુધી કામગીરી હાથ ધરી શકાઈ નથી. બીજીતરફ આ વિસ્તારમાં સી સી રોડ બનાવવા માટે પણ વિચારણા હાથ ધરાઈ છે.

# રાજ્યભરમાં ધૂળેટી પર્વ પર લાખો કિલો ગુલાલ ઉડાડાય છે

અમદાવાદ,તા. ૨૦

દર વર્ષે રંગોના તહેવાર હોળીની જોરદારરીતે ઉજવણી કરવામાં આવે છે. હોળી પર ગુજરાતમાં આશરે એક લાખ કિલોગ્રામ ગુલાલનો ઉપયોગ સામાન્યરીતે કરવામાં આવે છે હાલમાં જ કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. નવા સર્વેમાં આ અંગેની રસપ્રદ બાબત જાણવા મળી છે. આમાં કહેવામાં આવ્યુ છે કે ગ્રાહકોની વચ્ચે ચીની નિર્મિત રંગ અને સ્પ્રિંકલર્સની બોલબાલા વધારે રહે છે. આ જ કારણસર સ્થાનિક વેપારીઓને ભારે નુકસાન થઈ શકે છે. એક અંદાજ મુજબ પ્રતિ વર્ષે પાંચ હજાર રંગ નિર્માણ એકમો દ્વારા પાંચ લાખ કિલોગ્રામ ગુલાલનુ ઉત્પાદન કરે છે. સર્વે મુજબ બે લાખ કિલોગ્રામ ગુલાલનો ઉપયોગ ઉત્તરપ્રદેશના બ્રજ મંડળમાં ઉપયોગ થાય છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનમાં બનેલા વોટર ગન તથા સુખા અને ભીના રંગની ભારતમાં ખુબ માંગ રહે છે. સર્વેમાં જાણવા મળ્યુ છે કે ચીની કલર અને સ્પ્રિંકલર્સ તેમજ સ્થાનિક નિર્માતા વચ્ચેના ઉત્પાદન ભાવમાં ૫૫ ટકા સુધી અંતર છે. નવા અભ્યાસમાં અમદાવાદ, અલીગઢ, બેંગલોર, દિલ્હી, એનસીઆર, હાથરસ, ઈન્દોર, જયપુર, કાનપુર, લખનૌ, મેરઠ, મથુરા, મુંબઈ અને વારાણસી જેવા શહેરોને આવરી લઈને સર્વેની કામગીરી થઈ હતી જેના ભાગરૂપે ૨૫૦થી વધારે નિર્માતાઓ અને વિક્રેતાની સાથે વાતચીત કરી હતી. વેપારીઓ સાથે પણ વાતચીત પણ કરી હતી. હોળી પર્વ પર આજે ગુલાલનો ઉપયોગ મોટાપાયે કરવામાં આવ્યો હતો. આવતીકાલે પણ ધુળેટીમાં આનો ઉપયોગ થશે. આધુનિક સમયમાં ઈકો ફ્રેન્ડલી હોળીની બોલબાલા વધી રહી છે.



# ધીમા પગલે ઉનાળાનુ આગમન

## મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની નજીક પહોંચ્યુ : દિવસ-રાત પંખા ચલાવવા પડે તેવી સ્થિતિ : આગામી દિવસોમાં વધુ ગરમી પડવાની સંભાવના




ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં ધીમે ધીમે મહત્તમ તાપમાન વધી રહ્યુ છે. ઉનાળાના આગમનના એંધાણ વર્તાઈ રહ્યા છે. બુધવારે મહત્તમ તાપમાન ૩૪.૬ ડિ.સે. નોંધાતા વસાહતીઓને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

લાંબા ચાલેલા શિયાળા બાદ હવે ધીમે ધીમે ગરમી વધી રહી છે. વસંતના વધામણા થયા બાદ ઠંડી ગાયબ થઈ ગઈ છે. થોડાક દિવસ આહલાદક ઋતુનો અનુભવ કર્યા બાદ હવે ઉનાળો જામી રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે. સવારે થોડોક કૂણો તડકો લાગે છે પરંતુ જેમ જેમ દિવસ આગળ વધે છે તેમ તેમ તડકો આકરો લાગવા માંડે છે. દ્વિચક્રી વાહન પર જતી મહિલાઓ દુપટ્ટો, ગ્લવ્ઝ વગેરેનો ઉપયોગ કરી આકરા તડકાથી બચવાના પ્રયાસો કરતી નજરે જોવા મળી રહી છે. દિવસે ફૂલ સ્પીડે પંખા ચલાવવાની ફરજ પડી રહી છે. સરકારી કચેરીઓમાં તો કેટલાક અધિકારીઓએ એસીનો ઉપયોગ પણ શરૂ કરી દીધો છે.

દિવસે મહત્તમ તાપમાન ૩૪.૬ ડિ.સે. પહોંચ્યુ છે તો લઘુત્તમ તાપમાન પણ ૧૬.૬ ડિ.સે. સુધી પહોંચ્યુ છે. હવે રાત્રી દરમ્યાન ઠંડકનો અહેસાસ થતો નથી. શિયાળાની આકરી ઠંડીમાં ઘરમા પુરાઈ રહેલા વસાહતીઓ ઉનાળાના પ્રારંભે નાઈટવોકની મજા માણી રહ્યા છે. હવે રાત્રે દસ-અગિયાર વાગ્યા સુધી વસાહતીઓની અવરજવર જોવા મળી રહે છે. માર્ગો પર વસાહતીઓની વધતી ચહલપહલ ઉનાળાના આગમનના અણસાર આપી રહી છે.


**બેસણુ**



અમારા પૂજ્ય પિતાશ્રી **ચંદ્રકાન્તભાઈ પુંજાલાલ સોની**નું તા.૧૯-૦૩-૨૦૧૯ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. **સદ્‌ગતનું બેસણું તા.૨૨-૦૩-૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

બેસણાનુ સ્થળ : સિંધુભવન, (ઝુલેલાલ મંદિર), ૨૧/૩૦ બસ સ્ટેન્ડ નજીક, સેક્ટર-૩૦, ગાંધીનગર

લિ.
અલ્પેશભાઈ ચંદ્રકાન્તભાઈ સોની
જગદીશભાઈ ચંદ્રકાન્તભાઈ સોની
(જય અંબે જ્વેલર્સ, સેક્ટર-૨૧)
મો.૯૮૨૪૨૭૪૭૭૦, ૯૮૨૪૪૦૪૫૫૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com